# ગઝલપુર્વક
## -અંકીત ત્રીવેદી

૧.
ઉઘાડા બારણે થડકો થઈને કઈ રીતે આવી?
તને કહું છું, જુનો લ્હેકો થઈને કઈ રીતે આવી?
તું તો અજવાળું માફકસરનું પીરસતી રહી કાયમ,
દીવાની વાટ, તું ભડકો થઈને કઈ રીતે આવી?
ભુલાયેલી ઘણીયે સાંજને પુછું છું રસ્તા પર,
નર્યા વરસાદમાં તડકો થઈને કઈ રીતે આવી?
તને દરરોજ જોઉં છું સતત મારા ઉપર હસતા,
ઉદાસી આજ ઉમળકો થઈને કઈ રીતે આવી?
પીડા તો છે પીડા જેવી ને એના ભાગ્યમાં ડુમો,
ગઝલમાં આવી તો ટહુકો થઈને કઈ રીતે આવી? ◆પાન : ૨૪◆

૨.
જ્યારે મળું ગઝલમાં ખુબ જ નજીક લાગે,
પંડીતનો સાથ લઉં છું, તો માથાઝીક લાગે.
માણસના વેશમાં અહીં ઈશ્વર ઘણા મળે છે,
ઈશ્વરને જઈ કહો કે માણસ કદીક લાગે.
અર્પણ કરું છું સઘળું, કાયમ પડે છે ઓછું,
થોડુંક પણ એ આપે તો પણ અધીક લાગે.
ઉપરથી તો બધાની જેમ જ ગમાડવાનું,
છો ખાનગીમાં તમને ઠીક ઠીક લાગે.
ચારે તરફ નગરમાં બનતું નથી કશું પણ,
છે રાબેતા મુજબનું તેથી જ બીક લાગે. ◆પાન : ૨૫◆

૩.
આખો દીવસ સાથે હતો, સાંજે શમી ગયો,
સુરજને મારો પડછાયો કેવો ગમી ગયો !
ખાલીપણું તો એકલાથી ના થયું સહન,
પંખી નથી તો ડાળીનો હીસ્સો નમી ગયો.
એવું કીનારાને થયું શું, ના ખબર પડી,
મોની વાતો સાંભળીને સમસમી ગયો.
આ 'આપ-લે'માં થઈ જતા ખરબચડા હાથમાં,
ખણકાટ પાંચીકાનો ક્યારે આથમી ગયો?
શેરીમાં રમતા છોકરાની જેમ કાફીયો,
કાગળ પર આવી અનાયાસે રમી ગયો. ◆પાન : ૩૩◆

૪.
આવ, ને આવીને કંઈ રકઝક ન કર,
સાવ ખાલી આંખને ભરચક ન કર.

સ્હેજ હડસેલીને અંદર આવજે,
બારણે પહોંચ્યા પછી ઠકઠક ન કર.
તું વીતે છે એની સૌને છે ખબર,
આમ તું ઘડીયાળમાં ટકટક ન કર.
મીરાં, નરસૈંયો, કબીર બોલી ચુક્યાં,
તું વળી તારી રુએ બકબક ન કર.
બે જણા અંધારું શોધે છે ફરી,
પથ્થરો ભેગા કરી ચકમક ન કર. ◆પાન : ૩૬◆

૫.

આપણે પોતાને સમજાયા નથી,
જોઈએ એવા વલોવાયા નથી.
તું જ તારી પાસમાં છે ડર નથી,
રાત છે ને કોઈ પડછાયા નથી.
આટલા ચર્ચાયા એ પુરતું નથી?
વાત જુદી છે કે વખણાયા નથી.
ફુલ જેવું ખીલવા માટે હજી,
મુળીયાં માટીમાં ધરબાયાં નથી.
સાંભળીને આઘાપાછા થઈ ગયા,
સારુ છે કે કોઈ ભરમાયા નથી! ◆પાન : ૩૭◆

૬.

તું મને ન શોધ ક્યાંય આસપાસમાં,
હું તને મળી શકું તારા જ શ્વાસમાં.
ના ભળે સાથે કદી તો ક્યાં ફરક પડે?
સ્વપ્નમાં સાથે હશું કોઈ પ્રવાસમાં.
સુર્ય જેમ કોઈનામાં હું સવારથી,
અંધકાર શોધતો રહ્યો ઉજાસમાં.
માર્ગમાં કોઈક તો ભુલું પડ્યું હશે,
નીકળ્યો હશે પછી પવન તપાસમાં.
તું મથામણો કરી ગઝલ લખી તો જો!
હું તને મળી જઈશ કો'ક પ્રાસમાં. ◆પાન : ૪૧◆

૭.

સાંજને અંધારનું પાદર ગણી,
સાંભળું છું હું મને ઝાલર ગણી.
અક્ષરોમાં મેં મને ધારી લીધો,
ને તને કાનો ને માતર ગણી.
રાહ જોતું કે ટકોરા વાગશે,
એક પંખી ઝાડને ટાવર ગણી.

પાનું કોરું જોઈને કોઈ કબીર,
અક્ષરો વણતો રહ્યો ચાદર ગણી.
તું સફળતાને પચાવી રાખજે,
ચઢ-ઉતર કરતો નહીં દાદર ગણી. ◆પાન : ૪૫◆

૮.

આંખ તારી થઈ જશે જ્યારે નમેલી, ત્યાં ભરીશું આપણે મુશાયરો,
ઉકલે એ વાત તેં જે નહીં કહેલી, ત્યાં ભરીશું આપણે મુશાયરો.
એ જ કીસ્સો, એ જ રેતી, એ જ કાદવ, ધુળમાં મેલો થયેલો એ સમય,
બાંધશું દરીયે ફરી પાછી હવેલી, ત્યાં ભરીશું આપણે મુશાયરો.
બાંકડો તો યાદ છે ને? યાદ છે ને એ બગીચો? સાંજ ને એ ગમગીની,
રાહ જોતાં ખુબ તું ગુસ્સે થયેલી ! ત્યાં ભરીશું આપણે મુશાયરો.
એ ગઝલ જે ફુલ પર બેસી રહે ને બાતમી ખુશબુ સભર આપ્યા કરે,
એ ગઝલ ઝાકળ બની ઉડી ગયેલી, ત્યાં ભરીશું આપણે મુશાયરો. ◆પાન : ૬૧◆

૯.

મેં હજી મત્લા કર્યો છે, ક્યાં ગઝલ આખી કહી છે?
તોય ડુમો કરગર્યો છે, ક્યાં ગઝલ આખી કહી છે?
વાત જે ના થઈ શકી એનો નશો, મીસરો બનીને,
ધીરે ધીરે વીસ્તર્યો છે, ક્યાં ગઝલ આખી કહી છે?
સાંજની ભીની હવા પરના રદીફનો હાથ ઝાલી,
કાફીયાને કોતર્યો છે, ક્યાં ગઝલ આખી કહી છે?
તેં કરેલા સૌ ખુલાસાઓની આગળ માત્ર મેં તો,
શેર આ સામે ધર્યો છે, ક્યાં ગઝલ આખી કહી છે? ◆પાન : ૫૩◆

◆

એક વાતે હું ખુદા તારાથી જુદો થઈ ગયો,
દુર છું એનાથી હું ને તોય પુજાતો નથી. ◆પાન : ૬૩◆

◆◆


એક તો પોશાક ભારેખમ અને
રોલ પણ અઘરા પડે છે સ્ટેજ પર. ◆પાન : ૭૭◆

◆◆◆

-અંકીત ત્રીવેદી

કવીના ગઝલસંગ્રહ **'ગઝલપુર્વક'** (**પ્રકાશક** : ઈમેજ પબ્લીકેશન્સ પ્રા. લી., મુંબઈ●અમદાવાદ,
**પ્રથમ આવૃત્તી** : જાન્યુઆરી ૨૦૦૭, **પાન** : ૯૦, **મુલ્ય** : રુપીયા : ૭૫)માંથી સાભાર...
**પ્રાપ્તીસ્થાન** : info@imagepublications.com

**સર્જક સંપર્ક** : ૭૦૧- સાંઈ સન્નીધી, જી.બી. શાહ કૉલેજ સામે, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા,
**અમદાવાદ**-૩૮૦ ૦૦૭ -**મો.** 93749 86969 **ઈ-મેઈલ** : ghazalsamrat@hotmail.com



## કવી-પરીચય

'ગુજરાતી કવીતામાં છેલ્લા કેટલાક સમયથી ગઝલની બોલબાલા ચાલે છે. આટલી બધી ગાજવીજ વચ્ચે કોઈ પણ નવા ગઝલકારને માટે પોતાનો અવાજ વહેતો કરવો એ સહેલી વાત નથી. અંકીત ત્રીવેદી પડકારના માણસ છે, મહેફીલ અને મંચના માણસ છે. અંગત અને સંગતના માણસ છે. સંચાલન, સંપાદન અને સર્જન આ ત્રણે પ્રવૃત્તીના પ્રયાગ પર ઉભા રહીને વીવીધ સ્તર પર એ પ્રયોગ સફળતા પુર્વક કરી રહ્યા છે. મેદનીના માણસ છે અને એકાન્તના પણ માણસ છે. મેદની હોય ત્યારે શૈલી-શીલ-વાણી દ્વારા એ મેદનીને વશ કરે છે; પણ મેદનીનો મેદ એમને ચડતો નથી. ગઝલ એમના એકાન્તના સુરાલયમાં સર્જાય છે એક નાનકડા શેર પરથી એમની ગઝલકાર તરીકેની તાસીર અને તસવીરનો તથા ગઝલમાં પ્રગટ થતી કાવ્યવીભાવનાનો પણ પરીચય મળી રહે છે :

*ચંદ્ર કેવો શાંત પાણી પર તરે છે?*
*તું મને પણ એમ ખુલ્લામાં મુકી જો.*

The poet is always under the influence of the moon. પાણી શાંત હોવું જોઈએ. 'Emotions recollected in tranquality' અને કવી પાસે વ્યાપકતાનો અને ખુલ્લી મોકળાશનો અનુભવ હોવો જોઈએ. અંકીત પાસે આ બધું સામગ્રી રુપે તો છે જ. એટલે જ આ સામગ્રી રસાયણ થઈને કાવ્યરુપે અવશ્ય પ્રગટતી રહેશે.'

--સુરેશ દલાલ

કવીના 'ગઝલપુર્વક' કાવ્ય સંગ્રહના અંતીમ પૃષ્ઠ ઉપરથી સાભાર..

--ઉત્તમગજ્જર (સુરત) અને બળવંત પટેલ (ગાંધીનગર)

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : **114** -- **August 12, 2007**

'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં અક્ષરાંકન : uttamgajjar@hotmail.com

◆●◆

શુક્રવાર ૧૩મી જાન્યુઆરી ૨૦૦૬ના દીને મુંબઈ ખાતે લૅક્સીકૉનના થયેલા પ્રથમ લોકાર્પણ પછી **4,00,000** જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં http://www.gujaratilexicon.com લૅક્સીકૉનની મુલાકાત લીધી. આપને અને આપ મારફત આપના મીત્રોને પણ લૅક્સીકૉનની આ નવી interfaceની મુલાકાત


લેવાનું નીમંત્રણ છે. વીશ્વનાં કરોડો ગુજરાતી ભાઈ–બહેનો સુધી આ સંદેશો પહોંચાડવામાં સહાય કરી, આપને પણ ગુજરાતી ભાષાની અમુલ્ય સેવાના પુણ્યના અધીકારી બનવા વીનંતી.

આપ સૌના સહયોગ થકી સન્ડે ઈ–મહેફીલના **5900** જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે જ...

સૌનો આભાર..અમારી સન્ડે ઈ–મહેફીલની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી વેબસાઈટ http://gujaratilexicon.com/index.php?action=downloadSeM

પરથી સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી લૅક્સીકૉન અને શ્રી વીપુલ કલ્યાણી તરફથી લંડનથી પ્રકાશીત થતા ‘ઓપીનીયન’ માસીકના કેટલાક નમુનાના અંકોની અને શ્રી. પ્રવીણ વાઘાણી (મેલ્બોર્ન–ઓસ્ટ્રેલીયા) તરફથી પ્રકાશીત થતા ‘માતૃભાષા’ માસીકની મુલાકાતે પણ જઈ શકાશે..

## • મધુરેણ સમાપયેત્ •




પેન્સીલ્વેનીયા-અમેરીકામાં વસેલા અમદાવાદી કાર્ટુનીસ્ટ **શ્રી. મહેન્દ્રભાઈ શાહ**નો

ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com

એમનો પરીચય પામવા અને એમનાં ખુબ બધાં કાર્ટુન્સ માણવા જુઓ એમની

**web site** : www.ameamericanamdavadi.com

‘સન્ડે ઈ-મહેફીલ’ -- વર્ષ : ત્રીજું -- અંક : **114** -- **August 12, 2007**

‘ઉંઝાજોડણી’માં અને ‘વીજયા’ ફોન્ટમાં અક્ષરાંકન : uttamgajjar@hotmail.com

◆●◆ ◆●◆ ◆●◆